ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન

# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન
(ગુજરાત સરકાર)

## આદિજાતિ ઈસમોને વિવિધ સહાય યોજના

### IELTS અને TOFEL

- આદિજાતિના વિદ્યાર્થીઓ IELTS અને TOFEL ની તાલીમ મેળવી વિદેશ અભ્યાસ અર્થે જઈ શકે
- વિદ્યાર્થી દીઠ ૧૫૦૦૦/- ફી પેટે ચુકવવામાં આવશે
- અરજદારની આવક મર્યાદા નથી
- અરજદારે ધોરણ ૧૨ પાસ અંગે માર્કશીટ રજુ કરવાની રહેશે
- અરજદારે રહેવા તથા જમવાનો ખર્ચ જાતે કરવાનો રહેશે તથા કલાસીસની પસંદગી પોતાની રીતે કરવાની રહેશે

### સ્વરોજગાર હેતુઓ માટે બેન્કમાંથી લીધેલ લોન પર વ્યાજ સબસીડી

- બેન્ક મારફતે સ્વરોજગારી હેઠળ કોર્પોરેશનને નક્કી કરેલ ધંધા રોજગાર હેતુઓ માટે રૂ.૫ લાખ સુધીની લોન મેળવે તે લોન ઉપર જે વ્યાજ હોય તેમાં ૬%ના વ્યાજના દરે સબસીડી આપવામાં આવે તો તે લોકોને રાહત મળી શકે.
- ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જનજાતિના ઈસમોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. અન્ય રાજ્યના અનુસૂચિત જનજાતિના ઈસમોને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.
- બેંક દ્વારા રૂ. ૫.૦૦ લાખ સુધીની મર્યાદામાં સ્વરોજગારી યોજના હેઠળ ધંધા રોજગારના હેતુઓ માટે લોન સામે સહાય મેળવી શકાશે.
- બેંક દ્વારા મંજૂર થયેલ લોન ઉપર વાર્ષિક ૬% સુધી વ્યાજ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત મળવાપાત્ર થશે અને તે વધુમાં વધુ વાર્ષિક રૂ. ૩૦,૦૦૦/- સુધી વ્યાજ સહાય મળવાપાત્ર થશે. લોનની રકમના ૬% સુધી જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે.
- અરજદારે બેંકમાંથી લોન મેળવેલ છે તે મુજબનો પુરાવો ઉક્ત સહાય મેળવવા માટે રજુ કરવાનો રહેશે. તેમજ લોનના હપ્તા નિયમિત ભર્યા અંગેના આધારો રજુ થયેથી વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

### ધંધા-રોજગાર માટે બેન્કમાંથી લીધેલ લોન પર ખરીદેલ વાહનની વ્યાજ સબસીડી

- બેન્ક મારફતે વાહન લે તે વાહન માટે જે વ્યાજ હોય તેમાં ૬%ના વ્યાજના દરે સબસીડી આપવામાં આવે તો તે લોકોને રાહત મળી શકે.
- બેંક દ્વારા ૫.૦૦ થી ૨૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં વાહન લોન મેળવેલ હોય તેને લાભ મળશે.
- વાહનનું રજિસ્ટ્રેશન RTO માં બિઝનેશ પરપજ (ટેક્ષી, મેક્ષી, ટ્રાન્સપોર્ટ વ્હીકલ તરીકે કરવાનું રહેશે. તેના પુરાવા તેમજ બેંક સ્ટેટમેન્ટ રજૂ કરવાનું રહેશે તેમજ બેંકમાંથી લોન મેળવેલ હોવી જોઈએ.
- બેંક દ્વારા મંજુર થયેલ લોન ઉપર વાર્ષિક ૬% સુધી વ્યાજ ગુજરાત આદિજાતિ કોર્પોરેશન મારફત મળવા પાત્ર થશે અને તે વધુમાં વધુ વાર્ષિક રૂ.૩૦,૦૦૦/- થી રૂ.૧,૨૦,૦૦૦/- સુધી જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે. લોનની રકમના ૬% વ્યાજ સુધી સહાય મળવા પાત્ર થશે.

**લાયકાત અને પાત્રતા : અરજદાર આદિજાતિનો હોવો જોઇએ અને આવકની કોઇ મર્યાદા નથી**

* વધુ માહિતી કોર્પોરેશનની વેબસાઈટ https;// adijatinigam.gov.in પરથી મેળવી શકાશે.

કાર્યપાલક નિયામક
ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર

**અરજી કરવાનું સ્થળ : વેબ સાઇટ https;// adijatinigam.gov.in પર કરી શકાશે.**